## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ગરબા રમવા જતા હતાં...?? તો થોડા દિવસ, એ હાલો હાલો... મણિયારો એવુ બધુ સાંભળાય જ ને..!!

# પડતર પ્રશ્નોના નિરાકરણ માટે વિશિષ્ટ શિક્ષક સંઘ દ્વારા રજુઆત



ગાંધીનગર, તા.૧૦

રાજયમાં ચુંટણી ગમે તે સમયે જાહેર થાય તેવી શક્યતાઓ છે. જેને પગલે વિવિધ સંગઠનો અને યુનિયનોએ પોતાની પડતર માંગણીઓ મુદ્દે સરકાર સામે બાયો ચડાવી હતી. જેમાં રાજય સરકાર દ્વારા મોટાભાગના સંગઠનોના પ્રશ્નો હલ થઈ ગયા છે. ત્યારે આજે સેકટર-૧૩ લિંબચ ધામ ખાતે વિશિષ્ટ શિક્ષક સંઘના નેજા હેઠળ રાજયભરમાંથી શિક્ષકો એકઠા થયા હતા. ત્યારે સ્પેશિયલ એજ્યુકેટરના પડતર પ્રશ્નોનું છેલ્લા ૭ વર્ષથી નિરાકરણ આવ્યું નથી. રાજયની સરકારી શાળામાં અંદાજીત ૮૦ હજારથી વધુ દિવ્યાંગ બાળકો અભ્યાસ કરે છે. ત્યારે આ બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે રાજયભરના ૧૦૨૪ સ્પેશિયલ એજ્યુકેટર, આઈઈડી. કો. ઓને કાયમી ધોરણે સરકારી પ્રાથમિક શાળામાં સમાવી પગાર ભથ્થા સહિતના તમામ લાભ આપવા ઉચ્ચકક્ષાએ રજુઆત કરી છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો ૩૫ ડિગ્રીએ પહોંચ્યો હતો. હીટવેવને પગલે નગરજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખના કાર્યાલયમાં ફરજ બજાવતા વર્ગ-૪ના કર્મચારી ભૂપતસિંહને આજે છાતીમાં દુઃખાવો ઉપડતાં સિવિલ હોસ્પિટલમાં અને ત્યાંથી સારવાર માટે યુ.એન. મહેતામાં ખસેડવામાં આવ્યા હતા.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેનની ચેમ્બરમાં રંગરોગાન અને મરામતની કામગીરી હાથ ધરવામાં આવી છે.

● ગાંધીનગર જિલ્લામાં કોરોના પ્રિકોશન ડોઝ અભિયાનમાં આજે ૪૫૬ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

● ગાંધીનગર મનપાનુ દબાણ તંત્ર હરકતમાં આવ્યુ છે અને આજે કેટલાક દબાણો દૂર કર્યા હતા.

● ડિફેન્સ એક્સપોના પગલે લાયબ્રેરીમાં જતો રસ્તો બંધ કરવામાં આવ્યો છે.

● સે. ૧૭માં એક્ઝીબીશન સેન્ટર નજીક ફૂટપાથ બનાવવાનું કામ જોરશોરથી હાથ ધરવામાં આવ્યુ છે.

● આજે સેન્ટ્રલ યુનિ.ના ઉપક્રમે સે. ૨૯ ખાતે મોદી @20 વિશે ખાસ કાર્યક્રમનું આયોજન સવારે ૧૦ વાગે કરવામાં આવ્યુ છે.

● ગુજરાતે નેશનલ ગેમ્સમાં ૧૩ ગોલ્ડ આજ સુધીમાં જીત્યા છે.

● સાત દિવસીય અવકાશ સપ્તાહની ઉજવણીમાં રાજયભરના ૨ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

● ગાંધીનગર શહેરમાં જાહેર માર્ગો પર તેમજ ખુલ્લા વિસ્તારોમાં ઉગેલા નકામા ઘાસચારાને લઈ મોસોમલી ખુબ વધી જતાં વાહનચાલકોને મુશ્કેલી પડી રહી છે.

# ગાંધીનગર છાલા પાસે ઈકો કારના ગુપ્તખાનામાંથી દારૂનો જથ્થો ઝડપાયો

**પોલીસે કાર તેમજ દારૂ મળી કુલ રૂ.૩.૧૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો**

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના ચંદ્રાલા ગામ પાસે નવીન બની રહેલા બ્રિજ પાસેથી ફુલ સ્પીડે પસાર થઈ ગયેલી ઈકો કારને પકડી પાડવા માટે પોલીસે છાલા સુધી લાંબા થવુ પડ્યું હતું. છાલા પાસે કારને રેઢીયાળ મુકી બુટલેગર ખેતરમાં થઈ ભાગી છુટ્યો હતો. જયારે પોલીસે કારની અંદર તપાસ કરતા ગુપ્ત ખાના માંથી વિદેશી દારુની ૧૧૯ બોટલ, ઈકો કાર મળી રૂ.૩.૧૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથકના પીઆઈ એ.એસ.અસારીની ટીમ પેટ્રોલીંગમાં હતી. તે સમયે ચંદ્રાલા ગામમાં નવા બની રહેલા બ્રિજ પાસેથી એક શંકાસ્પદ ઈકો કાર રોકેટગતિએ નીકળી ગઈ હતી. પોલીસે ગાડી ચાલકને રોકવા માટે ઈશારો કર્યો હતો. પરંતુ ગાડી ઉભી રાખવાની જગ્યાએ ચાલકે ગાડી દોડાવી મુકી હતી. જેથી પોલીસે કારનો પીછો શરુ કર્યો હતો. હોટલ પાલવ પાસે ઈકો કાર મુકી ડ્રાઈવરએ દોટ મુકી હતી. પોલીસે જવાનોએ પણ ડ્રાઈવરને પકડવા માટે પાછળ દોડ્યા હતા. પરંતુ તે પહેલા પાલવ હોટલ પાછળ ખેતરમાંથી ડ્રાઈવર પોલીસને થાપ આપી ભાગી છુટ્યો હતો. ત્યારબાદ પોલીસે ઈકો ગાડીની તપાસ કરતા ગાડીમાં વચ્ચે ની તેમજ પાછળની સીટ નીચેથી ગુપ્તખાના જોવા મળ્યા હતા. આ ખાનામાંથી પોલીસે વિવિધ બ્રાન્ડની ૧૧૯ નંગ વિદેશી દારૂની બોટલ મળી આવી હતી. પોલીસને ગાડીમાંથી વિમા પોલીસી મળી આવી હતી જેમાં ગાડી માલિકનુ નામ મોહનલાલ પ્રેમજી જોગી (રહે. ઈ-૬૦૯ ગોકુલમ એપાર્ટમેન્ટ ઉજાલા સર્કલ, સરખેજ) હોવાનું જાણવા મળ્યું હતું.પોલીસે ૬૩ હજારથી વધુનો દારૂનો જથ્થો તેમજ કાર મળી કુલ રૂ.૩.૧૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની સામાન્ય સભા ૨૩મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ, ગાંધીનગરની સામાન્ય સભા તા. ૨૩-૧૦-૨૨ને રવિવારે બપોરે ૩ વાગે પ્રાથમિક શાળા સે. ૬ ખાતે યોજાશે. જેમાં વિવિધ એજન્ડાઓની ચર્ચા કરાશે. જેમકે ગત સભાની કાર્યવાહી વંચાણે લઈ માન્ય રાખવા, કોરોનાને લઈને વર્ષ ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨માં સામાન્ય સભા મળેલ નહતી, જેથી આ ત્રણ વર્ષના હિસાબો મંજૂર કરવા, ત્રણ વર્ષના કારોબારી સભ્યો નિમણૂકને બહાલી આપવા તથા વર્ષ ૨૦૨૨-૨૩ના કારોબારી સભ્યોની નિમણૂંકને મંજૂરી આપવા બાબત, સી.એ.ની નિમણૂંકને બહાલ રાખવા, પ્રમુખસ્થાનેથી રજૂ થનાર મુદ્દા ચર્ચામાં લેવા બાબત. આ માટે સભાસદોએ સભામાં હાજર રહેવા અખબારી યાદીમાં જણાવ્યું હતું.

# સરગાસણ પ્રમુખ એલીજીયમ બંધ ફ્લેટનું તાળુ તોડી રૂ.૩.૮૬ લાખની ચોરી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના સરગાસણ ટી.પી.૯ વિસ્તારમાં પ્રમુખ એલીજીયમમાં બંધ ફ્લેટ પર તસ્કરો ત્રાટકી સોના-ચાંદીના દાગીના અને રોકડા રૂ.૨૫ હજાર મળી કુલ રૂ.૩.૮૬ લાખ મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા છે. ત્રીજા માળે ઘરના દરવાજાનો નકુચો તોડી રૂમમાં લાકડાના કબાટમાંથી સામાન લઈ રફુચક્કર થઈ ગયા છે. ત્યારે બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સરગાસણ પ્રમુખ એલીજીયમ ફ્લેટ નં.ડી-૩૦૧ ખાતે રહેતા અનસુયાબેન ભગવાનભાઈ ગજજર દિકરા ઉજાસ સાથે રહે છે. ગત તા.૨ ઓકટોબરના સવારે દશ વાગે મા-દિકરો વતન ખાતે માતાજીના નૈવેદ કરવા માટે ઘરને તાળુ મારી ગયા હતા. ગઈકાલે મા-દિકરો વતન થી પરત સરગાસણ આવ્યા હતા.ત્યારે તેઓએ જોયુ તો ઘરનો નકુચો તુટેલી હાલતમાં જોઈ ચોંકી ઉઠ્યા હતા. બાદમાં ઘરમાં જઈ તપાસ કરતા ફ્લેટના બંને રૂમના લાકડાના કબાટ ખુલ્લા હતા. જયારે કબાટના ખાનાઓ અને તેમા મુકેલો સામાન વેર વિખેર હાલતમાં પડ્યો હતો.જયારે ઉજાસના રૂમના કબાટમાં મુકેલા રોકડા રૂ.૨૫ હજાર , ચાંદીની પાયલ, સોનાની બુટ્ટી, સોનાની ચેઈન પેન્ડલ સાથે, સોનાની બંગડી, સોનાની લગડી ૫ ગ્રામ નંગ-૩, તેમજ સોનાની લગડી ૧૦ ગ્રામ નંગ-૧ સોનાનું ઓમનુ પેન્ડલ મળી કુલ રૂ.૩.૮૬.૫૦૦ મત્તાની ચોરી કરી તસ્કરો નાસી ગયા છે. બનાવ અંગે જાણ થતા અડાલજ પોલીસ મથકના સ્ટાફના જવાનો દોડી આવ્યા હતા.જયારે ડોગ સ્કવોડ અને ફિંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ તેમજ સીસીટીવી ફુટેજ મેળવી આગળની તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે ફ્લેટમાં મોટાભાગે ૨૪ કલાક સિક્યુરીટી જવાનો તેમજ સીસીટીવીથી સજ્જ હોવા છતા તસ્કરોએ ચોરીને અંજામ આપ્યો છે જેને પગલે સ્થાનિક ફ્લેટવાસીઓમાં ભયનો માહોલ જોવા મળ્યો છે.

## ગુજરાત વિદ્યાપીઠ- હિંદી ભવનની મુલાકાત તાલીમાર્થીઓએ લીધી

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત ગુજરાત હિંદી-હિંદુસ્તાની પ્રચાર સમિતિ, હિંદી ભવનની મુલાકતે પંચાયતી રાજલીમ કેન્દ્ર- સાદરાના તલાટી કમ મંત્રીશ્રીઓએ પ્રા. ભરતભાઈ પટેલ અને પ્રા. શૈલેન વાઘેલાના રાહબરી હેઠળ આવ્યા. હિંદી ભવનના નિયામક પ્રા. રમેશભાઈ એમ. પટેલે પ્રવૃતિઓની પાંખી કરાવતાં તાલીમાંથીઓને ગુજરાતી, હિંદી અને ગાંધીવિચારની લેવામાં આવતી જુદી જુદી પરીક્ષાઓની માહતી આપી. રીંટાબેન દવેએ ગાંધીવિચાર પરીક્ષાઓ જે ૨ઓક્ટોબર અને ૩૦મી જાન્યુઆરીમાં લેવાય છે. તેનો ચિતાર રજુ કર્યા. આભાર દર્શન અને સ્વાગત નિયામક પ્રા રમેશભાઈ એમ. પટેલ એ કરી તાલીમર્થીઓને માહિતી સહ આનંદ વિભોર કર્યા.

# ઈન્ફોસીટી ધ રોડ સાઈડ કેફેના માલિક પર ત્રણ શખ્સોની ડંડાવાળી

ગાંધીનગર, તા.૧૦

ઈન્ફોસીટી ઈન્ફલીબીટ લાયબ્રેરીની બાજુમાં ધ રોડ સાઈડ કેફે ના માલિકને ગાડીનો હોર્ન વગાડવા અંગે અગાઉ થયેલી બોલાચાલીની અદાવત રાખી કેફે માલિકને માથાના ભાગે તેમજ શરીરે ડંડા મારી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપતા ત્રણ શખ્સો ભાર્ગવ પ્રજાપતિ, દિવ્યરાજસિંહ વાઘેલા અને સ્મિત પટેલ સામે કેફે માલિકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ પ્રાંતિજ હાલ ચાંદખેડા અમદાવાદ ખાતે રહેતા મિહિર નરેશભાઈ કંસારા (ઉ.૧૯) પરિવાર સાથે રહે છે અને ઈન્ફોસીટી ખાતે ઈન્ફલીબીટ લાયબ્રેરીની બાજુમાં ધ રોડ સાઈડ કે નામનું કેફે ચલાવું છું. ગતરોજ રાત્રીના સાડા દશ વાગ્યાના અરસામાં મિહિર કેફે પર હાજર હતો તે સમયે સ્મિત પટેલ જે કાયમી ગ્રાહક છે અને અવાર નવાર પાર્લર પર આવે છે. ત્યારે સ્મિત ગઈકાલે રાત્રીના સમયે પાર્લર પાસે ગાડી લાવી જોર જોર થી હોર્ન વગાડી રહ્યો હતો. જેથી મિહિરે હોર્ન વગાડવાની ના પાડી હતી અને જતા રહેવાનું કહ્યું હતું. ત્યારબાદ બીજા દિવસે સાંજના સમયે સ્મિત તેની સાથે તેના બીજા બે મિત્રો દિવ્યરાજસિંહ વાઘેલા અને ભાર્ગવ પ્રજાપતિને લઈને બાઈક પર બે ત્રણ ડંડા લઈને આવેલા અને અચાનક મારા પાર્લર પર આવ્યા હતા. ત્યારબાદ આ શખ્સોએ મિહિર સાથે બોલાચાલી અને ઝઘડો કરી જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગ્યો હતો. ત્યારપછી કાલે તે મને કેમ કાઢી મુક્યો હતો તેમ કહી દિવ્યરાજસિંહે માથામાં ડંડો મારી શરીરે પણ ડંડા મારતા ઈજા પહોંચી હતી. ઈન્ફોસીટી ખાતે ઝઘડો થતા ઘણા વ્યકિતઓ એકઠા થઈ જતા આ ત્રણેય શખ્સો નાસી ગયા હતા.જયારે જતા જતા જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.જયારે કેફે માલિકને ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ ગયા હતા. બનાવ અંગે ત્રણ શખ્સો સામે કેફે માલિકે ફરીયાદ નોંધાવતા વધુ તપાસ હાથ ધરી છે.

# જ્યોતિષ માર્ગદર્શન કેમ્પમાં સૌથી વધુ લગ્નજીવન-કૌટુંબિક સમસ્યાઓ અંગે પૃછા

**સે.૧૩માં યોજાયેલા જ્યોતિષ માર્ગદર્શન કેમ્પમાં મુલાકાતીઓએ નોકરી-વ્યવસાય, વિદેશગમન અને આરોગ્ય વિષયક સમસ્યાઓ માટે પણ માર્ગદર્શન મેળવ્યું**



ગાંધીનગર, તા.૧૦

લગ્નજીવનમાં ખટરાગ અને કૌટુંબિક સમસ્યાઓના કારણે પરિવારોમાં તણાવની સ્થિતિ જોવા મળતી હોય છે અને ડૂબતો તરણું ઝાલે એમ આ સમસ્યાઓને ઉકેલવા મથતો માનવી જ્યાં આશાનું કિરણ દેખાય ત્યાં દોડી જતો હોય છે. ગઈકાલે શરદપૂર્ણિમાના દિવસે ગાંધીનગરના સેક્ટર-૧૩માં શ્રી લિમ્બચ ધામ ખાતે યોજાયેલા ચોથા નિઃશુલ્ક જ્યોતિષ માર્ગદર્શન કેમ્પમાં મુલાકાતીઓએ સૌથી વધુ સમસ્યા લગ્નજીવન અને કૌટુંબિક સમસ્યાઓને લગતી રજુ કરી તેના ઉકેલ અંગે માર્ગદર્શન મેળવ્યું હતું.

ધ વૈદિક એસ્ટ્રોલોજીકલ ફાઉન્ડેશન દ્વારા આયોજિત જ્યોતિષ માર્ગદર્શન કેમ્પમાં આશરે ૯૦થી વધુ વ્યક્તિઓએ મુલાકાત લીધી હતી તેવી માહિતી આપતાં સંસ્થાના પ્રમુખ જ્યોતિષાચાર્ય ડો.વિષ્ણુ વૈષ્ણવે જણાવ્યું હતું કે "આ કેમ્પમાં મુલાકાતીઓએ સૌથી વધુ મુંઝવણો લગ્નજીવનમાં ખટરાગ અને કૌટુંબિક સમસ્યાઓને લગતી રજુ કરી હતી. આ ઉપરાંત નોકરી-ધંધા-વ્યવસાયને લગતી અને વિદેશગમનના યોગો અંગે માર્ગદર્શન માંગ્યું હતું. આ સાથે કોરોના મહામારી પછી આરોગ્ય વિષયક સમસ્યાઓ માટે પણ જ્યોતિષના સહારે વ્યક્તિઓએ સમાધાન શોધવા પ્રયાસ કર્યો હતો." કેમ્પમાં વિવિધ ૧૨ જેટલાં નિષ્ણાંત જ્યોતિષીઓએ માર્ગદર્શન આપવાની સેવા આપી હતી.

સમગ્ર કેમ્પનું સંકલન ડૉ.ચિરાગ જાની એ કર્યુ હતું તથા ફાઉન્ડેશનના પ્રમુખ ડૉ. વિષ્ણુ વૈષ્ણવ દ્વારા કેમ્પમાં સેવા આપનારા જ્યોતિષીઓને સન્માનિત કરવામાં આવ્યા હતાં. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા બ્રાહ્મણ સમજના પ્રમુખ સુનીલ ત્રિવેણી, અખંડ ભારત રાષ્ટ્રવાદી સેવા દળના રાષ્ટ્રીય અધ્યક્ષ, પ્રવીણ સિધ્ધા, વસાહત મંડળ સરગાસણના પ્રમુખ વિપુલ ઠાકર વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

## આજે ગાંધીનગરના અમિતાભ ફેન દિલીપસિંહ બિહોલા મહાનાયકને રૂબરૂ શુભેચ્છા પાઠવશે

ગાંધીનગર, તા.૧૦



વિશ્વભરમાં મિલેનિયમ સ્ટાર તરીકે સુપ્રસિદ્ધ હિન્દી ફિલ્મજગતના મહાનાયક અમિતાભ બચ્ચન તા.૧૧મી ઓક્ટોબરે પોતાનો ૮૦મો જન્મદિવસ ઉજવશે. આટલી જૈફ વયે પણ યુવાનોને શરમાવે તેવી સ્ફૂર્તિ અને તત્પરતાથી કાર્યરત અમિતાભ બચ્ચનના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે મુંબઈ ખાતે આયોજિત વિશેષ કાર્યક્રમમાં હાજરી આપવા ગાંધીનગરના અમિતાભ બચ્ચન ફેન્ડ્સ ક્લબના સંચાલક અને અમિતાભ બચ્ચનના જાણીતા ફેન એડવોકેટ દિલીપસિંહ બિહોલા પંહોચી ગયાં છે. આ કાર્યક્રમની પૂર્વ સંધ્યાએ તેમણે "અમિતાભ બચ્ચન એક્સટેન્ડેડ ફેમિલી" - એબીઈએફ ટીમની આ વર્ષની ઓફિશિયલ ટી-શર્ટ સાથેની તસવીર ખાસ ગાંધીનગર સમાચારને મોકલી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે તેમણે હજુ ગઈ કાલે જ પોતાના પરિવાર સહ સુપ્રસિદ્ધ ટીવી રિયાલિટી શો "કૌન બનેગા કરોડપતિ"ના શૂટિંગમાં ભાગ લીધો હતો જ્યાં તેમની મહાનાયક અમિતાભ બચ્ચન સાથે મુલાકાત પણ થઈ હતી અને આજે તેમણે પીવીઆર સિનેમામાં યોજાયેલા ફિલ્મ "ડોન"ના સ્પેશ્યલ સ્ક્રીનિંગને માણ્યું હતું જેમાં અભિષેક બચ્ચન અને શ્વેતા બચ્ચને હાજરી આપી હતી.

## આજે સેક્ટર ૩-સીમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૧૦

મા મેલડી આનંદ ગરબા મંડળ સે. ૩-સીના મધુબેન કે. કડીકરના સુર મધૂર કંઠે આનંદનો ગરબો દક્ષાબેન એસ. પટેલ, પ્લોટ નં. ૨૮૯/૨ સે. ૩-બીના નિવાસસ્થાને ૧૧ તારીખે મંગળવારે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો રાખ્યો છે. સર્વે ભાવિ ભક્તોને આનંદના ગરબામાં પધારવા આમંત્રણ પાઠવ્યુ હતુ.

# વાવોલમાં ભૂમિપાર્ક-હરીનગર નજીકના માર્ગો બિસ્માર

**લાંબા સમયથી બિસ્માર રસ્તાઓથી વાહનચાલકો અને સ્થાનિકો પરેશાન : સત્વરે માર્ગો રીપેર કરવા ઉઠી રહેલી માંગ**





ગાંધીનગર તા.૧૦

ગાંધીનગરમાં વાવોલ ગામમાં ભૂમિ પાર્ક સોસાયટી નજીક લાભ રેસિડેન્સી સામેથી પસાર થતાં રોડ પર લાંબા સમયથી પડેલા મોટા ખાડાઓના કારણે આ વિસ્તારના વાહનચાલકો અને આસપાસનાના વસાહતીઓને ખૂબ જ પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. આ ઉપરાંત દરગાહ પાસેના રેલવે ફાટકથી હરીનગર સોસાયટી સામેથી પસાર થતા માર્ગ પર પણ ખાડાઓનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે.

ગાંધીનગર મહાનગર પાલિકામાં સમાવિષ્ટ વાવોલ વિસ્તારમાં હજુ પણ પાયાની સુવિધાઓ પ્રત્યે જેવી કે રોડ રસ્તા વીજળી પાણી વગેરે માટે આ વિસ્તારના રહીશો પરેશાની ભોગવી રહ્યાં છે. ન્યુ વાવોલના વાહનચાલકો માટે જુના સોસાયટી વસાહતી વિસ્તારને બાયપાસ કરતો ભૂમિ પાર્ક અને હરીનગર સોસાયટી પાસેના માર્ગો છેલ્લાં ઘણા સમયથી તુટી જવા પામ્યો છે અને તેના પર પડેલાં મસમોટા ખાડાઓને કારણે અહીંથી પસાર થવું વાહનચાલકો માટે જોખમી તેમજ અત્યંત કંટાળાજનક બન્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ ખાડાઓ પુરી માર્ગને રીપેર કરવા મનપાના વોર્ડ નં.૭ના સ્થાનિક કોર્પોરેટર સમક્ષ ઘણીવાર રજુઆત કરવામાં આવી ચુકી છે પરંતુ હજુ સુધી આ બાબતે જવાબદાર તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી. વાવોલના બિસ્માર રસ્તાઓને કારણે સમગ્ર વિસ્તારમાં વાહન ચાલકો સહિત તમામ નાગરિકો પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે ત્યારે સત્વરે વાવોલના રસ્તાઓ પરના ખાડાઓને પુરવાની કામગીરી હાથ ધરાય અને વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા કરવામાં આવે તેવી આ વિસ્તારની જનતામાં માંગ ઉઠવા પામી છે

## સેક્ટર-૭-એ વસાહત મંડળ દ્વારા નવરાત્રી અને દશેરાની ભવ્ય ઉજવણી

ગાંધીનગર, તા. ૧૦

સે. ૭-એ વસાહત મંડળ દ્વારા નવરાત્રી પર્વની ઉજવણીમાં બહેનો, બાળકો અને ભાઈઓએ સતત નવ દિવસ ગરબે ઘૂમીને મા ની આરાધના કરી હતી. દશેરાના દિવસે ૨૦ બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ, ૭૫થી વધુ વયના વડીલોનું સન્માન, ૩૮ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન, ૫ વ્યક્તિઓનું વિશિષ્ઠ સિદ્ધિઓ હાંસલ કરવા બદલ અભિવાદન અને સેક્ટરમાં સૌથી વધુ વૃક્ષ ઉછેરનાર ૬ મહાનુભાવોનું વિશિષ્ઠ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે સંજયપ્રસાદ, સંગીતા સિંઘ, નારાયણ મોદી અને વી.એન. શ્રીવાસ્તવે ખાસ હાજરી આપી હતી. તેઓના વરદહસ્તે આરતી સુશોભન, ગરબા સુશોભનના વિજેતા કુન્દનબેન પટેલ, સુરભીબેન વેદ, ગોપીબેન વેદને ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા મંડળના હોદ્દેદારો સર્વ ભદ્રેશભાઈ શાહ, અશોકભાઈ પટેલ, હર્ષદભાઈ પટેલ, હિરેનભાઈ શાસ્ત્રી, વિપુલભાઈ પટેલ, વિનોદભાઈ રાવલ, જશવંતભાઈ ગાંધી તેમજ મહિલા મંડળના હોદ્દેદારો સર્વ વંદનાબેન પટેલ, આરતીબેન ભટ્ટ, દક્ષાબેન વર્ષાત, બીનાબેન દેસાઈ, કવિતાબેન બક્ષી, જોલીબેન મહેતા, સુધાબેન પટેલ વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# ઈન્દુમતી ફાઉન્ડેશન દ્વારા શહેરમાં યોજાયેલ શેરી ગરબાનું પરિણામ




ગાંધીનગર,તા.૧૦

ઈન્દુમતી ફાઉન્ડેશન અને ગાંધીનગરની પ્રથમ હિન્દી વેબ ન્યૂઝ ચેનલ "તસવીરે ગાંધીનગર" દ્વારા, શેરી ગરબા સ્પર્ધા ૨૦૨૨ નું સતત બીજા વર્ષે આયોજન કરવામાં આવ્યું હતું. આ શેરી ગરબા સ્પર્ધા માં ગાંધીનગર કોર્પોરેશન વિસ્તારમાં આવેલી ૪૫ સોસાયટીઓનું વિનામૂલ્યે રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. આ શેરી ગરબા સ્પર્ધાને સફળ બનાવવા વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, ફલેશી નેઈલ આર્ટ, રાજવી ફૂડ, ડો.હાર્દિક તલાટી, ઉડાન મ્યુઝિકલ ગ્રુપ, માનસ યોગા ટ્રસ્ટ, જીઈ ક્લબ, કમીને પરિંદે ટેટૂ, બ્લુ બબલ્સનો સહયોગ મળ્યો હતો. ગાંધીનગરના સેક્ટર ૩, સેક્ટર ૨૦, સેક્ટર ૨૩, સેક્ટર ૨૬, સેક્ટર ૨૯, સેક્ટર ૨૭, વાવોલ, સરગાસણ, કુડાસણ, રાયસણ, અને રાંદેસણની સોસાયટીઓ એ "શેરી ગરબા સ્પર્ધા ૨૦૨૨" માં રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જ્યાં કુડાસણ સ્થિત શિવાલય પરિસર સોસાયટી પ્રથમ વિજેતા બની હતી. દ્વિતીય સ્થાન સેક્ટર ૩ ડી યુવક મિત્ર મંડળ અને સેક્ટર ૨૬ કિસાન નગર નવરાત્રીએ મેળવ્યું હતું. અને ત્રીજું સ્થાન સરગાસન સ્થિત મારુતિ આમ્રકુંજ-૨ ,એ જીત્યું હતું.

ઈનામ સમારોહમાં તસવીરે ગાંધીનગરની" ટીમ દ્વારા વિજેતા સોસાયટીને પ્રમાણપત્ર, સ્મૃતિ ચિહ્ન અને ગીફ્ટ વાઉચર આપવામાં આવ્યા હતા. આ શેરી ગરબા સ્પર્ધાના નિર્ણાયક તરીકે દીપલ પરમાર, માનસી આચાર્ય, સાગર દેસાઈએ સેવા આપી હતી.

## સે. ૨૦ સરકારી શાળામાં મહિલા સશક્તિકરણની તાલીમ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૦

સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત ગુજરાત રાજ્ય પોલીસ દ્વારા મહેસાણા જિલ્લા મહિલા ઉત્પાદક વિકાસ સહકારી સંઘ લી. મહિલા સશક્તિકરણના ભાગરૂપે સ્વરક્ષણની તાલીમ સરકારી શાળા સેકટર-૨૦માં બિસ્ટ એકેડમીના કોચે આપી હતી. ત્યાં ઉપસ્થિત મુખ્ય મહેમાન બિસ્ટ એકેડમીના ડાયરેકટર ભુપેન્દ્રકુમાર શ્રોપ્રિય તથા કોચ એકતાબા રાઠોડ સિદ્ર હેમ ફાઉન્ડેશનના ટ્રસ્ટી નયનાબેન રાવલ, શાળાના આચાર્ય કૈલાસબેન કે. ગોમતી તથા શાળાના શિક્ષક ગણ વગેરેએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.